
વા.લ. રૂ. ૧૦૦/–
વા. સ. રૂ. ૧૦૦/–

# સત્યાન્વેષણ

SATYASHODHAK SABHA, SURAT ૧૫ જાન્યુઆરી, ૨૦૨૪ Vol. 19 No. 01

# બંધારણ નથી,
# મનુસ્મૃતિ કે નથી કુરાન !




નેટ પર તમને ચોક્કસ વાંચવા મળશે :
www.satvashodhaksabha.com પર જાઓ.

# હોકિંગની કલ્પના

કહેવાય છે કે કેટલાક પરિબળોનાં સાહિત્યિક રચનામાં કલ્પના પણ ખુબ રંગ લાવે છે. આવું જ કંઈક વિજ્ઞાનમાં છે. મોટા ભાગના સિદ્ધાંતોની શરુઆત સિદ્ધાંત કલ્પનાથી જ થઈ છે. સિદ્ધાંત કલ્પના એટલે કોઈ એક સિદ્ધાંત શોધવા માટે કરવામાં આવતી કલ્પના. હોકિંગ કલ્પના કરે છે કે આગાહી એ તો સમય કહેશે. આજની તારીખે એને કલ્પના કહેવી પડે કારણ કે એણે જે વિચાર્યું છે તે ઘડીભર તો અશકય લાગે છે. એ એમ જણાવે છે કે ભવિષ્યમાં આપણે જે પ્રત્યાયન કરીશું તે મગજ અને કોમ્પ્યુટરના જોડાણથી કરીશું. એ માટે એણે બે વિકલ્પો સુચવ્યા છે. (૧) ખોપરી પર એક ઈલેકટ્રોનિક સાધન મૂકવાનું કે જેનો મગજ સાથે સંપર્ક હોય અને (૨) ખોપરીની અંદર જ મગજ સાથે જોડેલું કોમ્પ્યુટર મૂકી દેવાનું. પહેલો વિકલ્પ આપણાં ચશમાં જેવો છે. બીજો વિકલ્પ છે તો સારો પણ એમાં ઓપરેશન અને કદાચ તેને પગલે ચેપ લાગવાની શકયતા ખરી. હવે આ કોમ્પ્યુટર–મગજની જુગલબંધીને ઈન્ટરનેટ સાથે જોડી દઈએ તો આપણી ખોપરીમાં આખું ઈન્ટરનેટ જ આવી જાય ! હોકિંગ ખાતરીપૂર્વક કહે છે કે આવતા વર્ષોમાં આ જુગલબંધી જ મોટા પાયા પર કામ કરતી થઈ જશે. કદાચ અત્યારે આપણી વચ્ચે જે કૃત્રિમ બુદ્ધિમતા આવી છે એ આ હિતનું પગલું સૂચવે છે.

આપણા જીનમાં ફેરફારો કરવાનો ઈરાદો એ હોવો જોઈએ કે જીનને કારણે જે રોગો થાય છે તેને અટકાવવા. હોકિંગની આ અભિલાષા ફળે એવું આપણે ઈચ્છીએ.

* * *

## અનુકૂલન

પરિવર્તન સાથે અનુકૂલન કરવાની લાક્ષણિકતા બુદ્ધિધરાવે છે. બદલાતા સંજોગો સાથે અનુકૂલન કરવાના સામર્થ્યથી જે કુદરતી પસંદગી થતી જય છે તેનું કુલ પરિણામ એટલે માનવબુદ્ધિ. આથી આપણે પરિવર્તનથી ગભરાવું જોઈએ નહીં. અત્યારે આપણી પાસે જે બુદ્ધિછે તેની મદદથી એવા પરિવર્તન આપણે માટે લાભકર્તા બનાવતા જવું જોઈએ.

* * *

સત્યાન્વેષણ

# સત્યાન્વેષણ

મુખ્ય સંપાદક

સૂર્યકાન્ત શાહ

સંપાદક મંડળ

બી. એ. પરીખ
સુગીત પાઠકજી
ડો. સુષ્મા અય્યર
મનસુખ નારિયા
જનક બાબરીયા

૧૫ જાન્યુઆરી, ૨૦૨૫ | સળંગ અંક : ૩૯૮ | Vol. 19 No. 1


## બંધારણ નથી, મનુસ્મૃતિ કે નથી કુરાન !

–સૂર્યકાન્ત શાહ

આપણા બંધારણને અમલમાં મૂકાયાને પંચોતેરમું વર્ષ પૂરું થયું છે. સ્વાભાવિક છે કે બંધારણની રચનાના ઈતિહાસથી માંડી બંધારણ સંદર્ભે આજની પરિસ્થિતિની વાતો ઉપડે–ગંભીર અને સા'વ છીછરી ચર્ચા થાય. શોચનીય છે કે બંધારણને કેન્દ્રમાં રાખીને આક્ષેપો–પ્રતિઆક્ષેપો પણ થાય છે. વધારે શોચનીય તો એ છે કે બંધારણને 'પવિત્ર' માનવામાં આવે છે. આ 'પવિત્ર' શબ્દની વિશ્વસનીય વ્યાખ્યા મળતી નથી. ગંદી નદી પવિત્ર મનાય છે, અને સ્વચ્છ કપડાં પહેરીને આંગણે આવતો સફાઈ કામદાર 'અપવિત્ર' મનાય છે ! સમાજ વિરોધી કથનોથી ભરપૂર ધાર્મિક ગ્રંથો 'પવિત્ર' મનાય છે, અને ભૌતિકવાદના સુરેખ ચિત્રને ઉપસાવતા વૈજ્ઞાનિક અભિગમ સમાવતા પુસ્તકો 'અપવિત્ર' મનાય છે. આથી બંધારણને 'પવિત્રતા'નો દરજ્જો આપવામાં બંધારણની જ મૂળભૂત ભાવના જોખમમાં મૂકાય છે. બંધારણની મૂળભૂત ભાવના જીવન જીવવાની, વિચારવાની, અભિવ્યકિતની, સંગઠન કરવાની, ધાર્મિક માન્યતા રાખવાના હકને અબાધિત રીતે જાળવી રાખવાની છે. આ ભાવનાને ખતમ કરી દેવા માટે સંસદની સર્વાનુમતિ હોય તો પણ તે ખતમ કરી શકાતી નથી. આ મૂળભૂત ભાવનાને જાળવવાની જોગવાઈ કરવા ઉપરાંત

---


**ભારતીય બંધારણની ૫૧ એ (એચ) કલમ મુજબ વિજ્ઞાન અને વૈજ્ઞાનિક અભિગમનો પ્રસાર કરવા સત્યશોધક સભા 'સત્યાન્વેષણ'નું પ્રકાશન કરે છે. એમાં કોઈ પણ ધર્મ, જ્ઞાતિ કે જાતિની લાગણી દુભાવવાનો ઈરાદો નથી. –સંપાદક મંડળ**

બંધારણમાં અન્ય અનેક જોગવાઈઓ છે. એક અગત્યની જોગવાઈ પ્રજાને વૈજ્ઞાનિક અભિગમ અપનાવવાની અને પ્રજા વચ્ચે વૈજ્ઞાનિક જોગવાઈનો પ્રચાર કરવાની પણ છે. આપણે રેશનાલિસ્ટો જે કંઈ આચરી રહ્યા છીએ અને પ્રચાર કરી રહ્યા છીએ તે બંધારણાનુસાર છે.

'પવિત્રતા' સાથે ના–ફેરવાદ આવે છે. 'પવિત્ર' ગણાતા ધાર્મિક ગ્રંથોમાં કશું ફેરવી શકાતું નથી. આ ના–ફેરવાદ ચાલુ રહે તે માટે એ ગ્રંથોને અવાસ્તવિક એવા ગોડ, ખુદા, ભગવાનની આણ મૂકવામાં આવી છે. ભગવાને કે સર્વ જ્ઞાનીએ ગ્રંથોની રચના કરી છે, તેથી મૂર્ખ માણસ એમાં કોઈ ફેરફાર કરી શકે નહીં, એવું ધર્મના એજન્ટોએ ભકતોનાં ટોળાંને સમજાવેલું હોય છે. આથી એવી વિચિત્ર પરિસ્થિતિ ઊભી થઈ છે કે એવા ગ્રંથોના ઉપદેશોનાં જુદાં જુદાં અર્થઘટનો કરવામાં આવે છે, એક જ ઉપદેશનું જે અર્થઘટન એક જુથ કરે છે, તેને બીજુ જૂથ સ્વીકારતું નથી. એ અલગ અર્થઘટન જ કરે છે, આવા પ્રત્યેક અર્થઘટનના પાયે દરેક ધર્મમાં વિવિધ સંપ્રદાયો ફૂટી નીકળે છે ! પ્રવર્તમાન સમાજમાં સ્પષ્ટ માલુમ પડે છે કે મનુસ્મૃતિ કે શરિયત જેવા ગ્રંથોના ઉપદેશોમાં આમૂલ પરિવર્તન કરવા જેવું છે, પરંતુ તે 'પવિત્ર' હોવાથી તેમ જ ખુદાની વાણી હોવાથી એમાં કોઈ ફેરફાર કરી શકાતો નથી. ઊલટુ, એ ઉપદેશ પ્રમાણે જ ભકતોને વર્તવાનો આદેશ આપવામાં આવે છે !

આપણા બંધારણનું આવું નથી. છેલ્લા પંચોતેર વર્ષમાં એમાં ૨૦૨૪ સુધીમાં એકસો ને ચાર સુધારા થયા છે ! દેશપ્રેમવાળા બુદ્ધિશાળી ૨૦૦ થી પણ વધારે વિદ્વાનોએ ઘડેલા બંધારણમાં એના અમલના બીજા વર્ષે જ પહેલો સુધારો કરવો પડેલો ! દરેક વર્ષે સરેરાશ એકથી પણ વધારે સુધારા તેમાં થયા છે ! આ બાબત જ બતાવે છે કે મનુસ્મૃતિ, શરિયત અને એવા અન્ય ધાર્મિક ગ્રંથોની જેમ આપણું બંધારણ અપરિવર્તનીય – જડ નથી. બદલાતી પરિસ્થિતિમાં અને / કે બંધારણમાંની ક્ષતિને દૂર કરવામાં કશું અનુચિત નથી. વ્યકિત અને સમૂહની સ્વતંત્રતાની મૂળભૂત ભાવનાને સ્પર્શ કર્યા વિના એમાં સુધારા થતા રહ્યા છે. આથી આપણું બંધારણ સમય સાથે તાલ મિલાવતું રહ્યું છે. રેશનાલિસ્ટોએ બંધારણની આ લચકતા બરાબર સમજવી જોઈએ. બંધારણમાંની વૈજ્ઞાનિક અભિગમ જાળવવાની જોગવાઈનો રેશનાલિસ્ટોએ જ સમાજના ભલા માટે ભરપૂર ઉપયોગ કરવો જોઈએ. એમાં 'પવિત્રતા'નું તિકડમ્ ઘૂસી નહીં જાય તે જોવું જોઈએ. બંધારણની લચકતાનો પોતાના સ્વાર્થ માટે કોઈ દુરુપયોગ નહીં કરે તેની પણ સાવધાની રાખવી જોઈએ.

# અંગ્રેજો યાદ આવે છે !

**–તંત્રીલેખ**

આપણા ટપાલ સેવાની શરૂઆત આપણા બ્રિટીશ હાકેમોએ કરી હતી. હકીકતાધારિત ઈતિહાસને પણ આપણે ભૂંસવા બેઠા છીએ એટલે કદાચ એવું બને કે આવતીકાલે આ નવા 'ઈતિહાસકારો' ટપાલ ખાતાની સંરચના કોઈ કબૂતર દ્વારા પ્રેમપત્રો મોકલતા કોઈક હિંદુ રાજકુમારને નામે ટપાલ સેવાની રચના ચઢાવી પણ દેવામાં આવે ! આજે તો હકીકતાધારિત ઈતિહાસ એમ કહે છે કે ટપાલ ખાતાની સંરચના આપણે ત્યાં રાજ કરી ગયેલા બ્રિટીશરોએ કરેલી. ટપાલ ખાતાની સંરચના થયા બાદ દેશમાં આઝાદી મેળવવા માટેની ચળવળ ઉપડેલી. ત્યારે સરળ અને તે જમાનાના પ્રમાણમાં ઝડપી સેવા ટપાલ ખાતાની હતી. બ્રિટીશરો મૂળમાં સ્વતંત્રતાની ખુમારીવાળા દેશમાંથી આપણને ગુલામ કરવા આવેલા. આથી કોઈક કોઈક વાર એમના મગજમાં સ્વતંત્રતાનો કીડો સળવળ સળવળ થઈ જતો. પરિણામે શરૂઆતથી જ એમણે મુદ્રિત સાહિત્યને ખૂબ ઓછા દરે વહન કરવાનું રાખેલું. તેમાં વળી નિયમિત પ્રગટ થતાં છાપાં, સાપ્તાહિક, માસિક વગેરેને તો વધારાની રાહત આપતા હતા. આઝાદી ચળવળના આગેવાનો અને છૂપા રાષ્ટ્રવાદીઓ રાહત દરે અપાતી આ સગવડનો પૂરો લાભ ઉઠાવતા હતા ! બ્રિટીશરો એટલું જરૂર જોતા કે એમા બ્રિટીશ રાજ વિરુદ્ધનું સાહિત્ય હોય તો તેને જરૂર અટકાવતા. આગળની કાર્યવાહી કરતા. અન્યથા તેઓ તે સેવા ચાલુ રાખતા.

થોડા સમય પહેલા આઝાદીના પંચોતેર વર્ષની ઉજવણી થઈ ગઈ. હમણાં આપણે બંધારણ અમલમાં મૂકાયાને થયેલા પંચોતેર વર્ષની ઉજવણી કરીએ છીએ. સ્વતંત્રતાનો મૂળ મર્મ અને બંધારણની મૂળભૂત જોગવાઈઓ અભિવ્યકિતના સ્વાતંત્ર્યને મૂળભૂત હક તરીકે સ્વીકારે છે. એ હક વધારે ને વધારે સમાજજીવનમાં જડ ઘાલે તેવો અહાલેક કરે છે.

આ ઉજવણીના ગર્ભમાં જે વિવિધ અધિકારો લોકોને મળ્યા છે તેનું જતન સમાયેલું છે. આમ છતાં, આપણી કેન્દ્ર સરકારે ટપાલ ખાતાની મુદ્રિત સાહિત્યને મળતી સેવા પર કયાં તો કાપ મૂકયો છે, અથવા મોંઘી કરી દીધી છે. છેલ્લા દાયકાથી આપણે ત્યાં પ્રતિકોની પૂજા–અર્ચના અને તેમાં રહેલી ભાવનાનું ખૂન કરવાનો નવો રિવાજ સ્થાપિત થવા માંડયો છે. થઈ રહેલી ઉજવણીની ભાવના સ્વતંત્રતાની છે. એ ભાવનાનું ખૂન કરતો નિર્ણય કેન્દ્ર સરકારે લીધો છે કે ટપાલ ખાતાની સેવાને મોંઘી બનાવવી. બધા

જ પખવાડિકો, માસિકો, વગેરેને પચ્ચીસ પૈસાની ટિકિટ લગાડીને મોકલી શકાતાં હતાં. એ કેન્દ્ર સરકારે એ બધાને સસ્તી સેવા આપવામાંથી બહાર કાઢી મૂકયા છે ! તમારું ‘સત્યાન્વેષણ’ કેન્દ્ર સરકારમાં નોંધાયેલ સાહિત્ય છે. આમ છતાં, ટપાલ–ખાતાએ સત્યશોધક સભાને પત્ર લખી દીધો છે કે તેને એ રાહત મળશે નહીં !

આ પત્ર મેળવ્યા પછી અંગ્રેજો યાદ નહીં આવે તો શું થાય ? ટપાલ ખાતાના આ મનસ્વી નિર્ણયની સામે રજૂઆત કરવાની અને તે સાંભળવાની કોઈ ગૂંજાઈશ રાખવામાં આવી નથી ! તા. ૧–૧–૨૫થી એનો અમલ શરૂ થઈ ગયો છે ! બીજી બાજુ હમણાં તો સત્યશોધક સભાએ ‘સત્યાન્વેષણ‘નું પ્રકાશન ચાલુ રાખવાનો નિર્ણય લીધો છે. આથી તમને આ અંક મળશે તેના પર પૂરા રૂપિયા ચારની ટિકિટ લગાડેલી જોશો. પચ્ચીસ પૈસાને બદલે ચાર રૂપિયા ! ભારતના સમગ્ર ઈતિહાસમાં કદાચ પહેલીવાર કોઈ એક સેવાની કિંમતમાં માત્ર એક જ દિવસમાં (તા. ૩૧–૧૨–૨૪ સુધી પચ્ચીસ પૈસા અને ૧–૧–૨૫ થી ચાર રૂપિયા) સોળ ગણો વધારો આવ્યો છે. સત્યશોધક સભાના આર્થિક સાધનો ટાંચા છે. દાતાઓના દાન પર એ આજે પણ નભે છે. આ તોતિંગ ખર્ચ–વધારાને પહોંચી વળવા સત્યશોધક સભા આપ સૌ વાચકો પાસેથી નાની–મોટી સહાયની અપેક્ષા રાખે છે. આશા છે કે તે અપેક્ષા તમે સંતોષશો.

## અપીલ

ગુજરાતી ભાષીઓ માટે રેશનાલિઝમ પર ચિંતન કરતું એક માત્ર ‘સત્યાન્વેષણ’ માસિક છે. માત્ર ગુજરાત–મુંબઈમાં જ નહીં, પરંતુ અન્યત્ર પણ ગુજરાતીભાષીઓ વસે છે. એ સૌને અપીલ કરવાની કે આપ સૌ ‘સત્યાન્વેષણ’ના વાચક બનો. પ્રવર્તમાન વાચકોને પણ વિનંતી કે તેઓ દરેક બીજા પાંચ વાચકો બનાવી આપે. આપણું ‘સત્યાન્વેષણ’ દરેક મહિનાની પંદરમીએ નિયમિતપણે બહાર પડે છે. એનું વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦/ – અને આજીવન રૂા. ૨૦૦૦/– છે. તે મ.ઓ. થી કે સત્યશોધક સભાના બૅન્ક ઑફ બરોડાના ખાતામાં સીધા જમા કરાવી શકાય છે. સત્યશોધક સભાને આપવામાં આવતું દાન આવકવેરામાં રાહતને પાત્ર છે.

* દરેક ‘સત્યાન્વેષણ’ના પહેલા ટાઈટલ પર વાચકોને જણાવવામાં આવે છે કે ‘સત્યાન્વેષણ’ www.satyashodhak sabha.com પર વાંચવા મળશે. ઉપરાંત જો વાચક એનો મોબાઈલ નંબર અને ઈ–મેઈલ એડ્રેસ આપશે તો એને આ જ લવાજમ હેઠળ PDF મોકલવામાં આવશે.

# મહાવીર–બુદ્ધના સમકાલીન નિરીશ્વરવાદીઓ

**–પ્રવીણ ગઢવી**

ઈ. સ. પૂર્વેની પાંચમી–છઠ્ઠી સદીનો સમય ઉકળતા ચરુ જેવો હતો. વેદો અને ઉપનિષદો સામે બળવો થયો હતો. બ્રાહ્મણધર્મ વિરુદ્ધ શ્રમણધર્મ ઊભો થયો હતો. તે વખતનાં તમામ ધાર્મિક, દાર્શનિક માન્યતાઓ, ધોરણો, નીતિ–નિયમો સામે અવાજ ઊઠયો હતો. ચોતરફ વાદ–વિવાદો ગાજતા હતો. તે વેળાનાં ૧૬ નગર રાજ્યોમાં, જનપદોમાં, દરેક નગરમાં કોતુહલ શાળાનાં સભાગૃહો આવેલાં હતા. તેમાં સતત વાદ–વિવાદ, ચર્ચા થયા કરતાં. ચર્ચાસભાની જાણે કે ફેશન ચાલતી હતી. બાસઠ જેટલા પંથો હતા. તેમા બુદ્ધનો એક પંથ ઉમેરાયો. ચાર જૈન સાધ્વીઓ એક હજાર દાર્શનિક વિષયો પર ઠેરઠેર ચર્ચાસભાઓ યોજતી અને વાદ–વિવાદમાં પ્રતિપક્ષને હારાવવાનો, હંફાવવાનો આનંદ મેળવતી ! સકક્કા નામે એક ચિંતક તો પડકાર કરતો કે, ‘ચર્ચામાં તેને મહાવીર કે બુદ્ધ પણ ન પહોંચી શકે ! થાંભલો પણ ધ્રુજી જાય તો તે લોકોની શી હેસિયત ?’ એવું તે કહેતો.

બ્રાહ્મણધર્મની સામે શ્રમણધર્મનો બળવો થયો હતો. મોટેભાગે શ્રીમંત શ્રેષ્ઠીઓ કે રાજપુત્રો યુવાવયે સંન્યાસ લઈ લેતા, શ્રમણ બની જતા. કઠિન તપ કરતા, સુખ–સગવડો છોડી અગવડો ભોગવવામાં આનંદ લેતા. વાળનો ડગલો પહેરતા, લાંબા વાળ રાખતા અને સતત વાદ–વિવાદ કર્યા કરતા. જાણે કે એ જમાનાનો ‘હિપ્પી યુગ’ ચાલતો હતો ! જનક જેવા રાજા તો ખાસ વિવાદો યોજી સ્પર્ધકોને સુવર્ણમુદ્રાઓ આપતા. તે વેળાના રાજાઓ–શ્રેષ્ઠીઓ નાસ્તિક હોય કે આસ્તિક, દરેક શ્રમણને, બ્રાહ્મણને માન આપતા. ભિક્ષા આપતા. અલબત્ત, વેદકાળમાંય ઉદ્દાલક અરુણી ઋષિ પોતાને જે વાદ–વિવાદમાં હરાવે તેને સુવર્ણમુદ્રાઓ આપવાની ઓફર કરતા ! આવા સમયમાં બુદ્ધ–મહાવીર વિચરણ કરતા હતા. જો કે મહાવીર કે બુદ્ધ કોઈ પંથો પાસે ગયા નહોતા. બુદ્ધ પ્રથમ આળારકાલામ અને ઉદ્દક રામપુત્ર પાસે ગયા હતા. ત્યાર પછી તેઓ અન્ય શ્રમણો–નિગંઠો (જૈનો)ની જેમ ઘોર તપસ્યાના માર્ગે ચઢી ગયા, પરંતુ તે નિરર્થક લાગવાથી મધ્યમ માર્ગ અપનાવી, અરણ્યવાસમાંથી બહાર લોકો વચ્ચે આવ્યા. ઈશ્વર, સ્વર્ગ, નરક, મોક્ષ છે કે નહિ, તેની ભાંજગડમાં પડયા સિવાય લોકોને શીલનો ઉપદેશ આપ્યો.

શ્રમણો વેદના કર્મકાંડ–યજ્ઞના વિરોધી હતા. તેવા જ વિરોધી ઉપનિષદોના બ્રહ્મ–આત્મન્–સતના વિરોધી હતા. જાતક કથામાં વિદેહનો રાજા નારદને કહે છે કે, 'તમે મને અત્યારે પાંચસો મુદ્રા ઉધાર આપો, હજાર મુદ્રા સ્વર્ગમાં આપીશ !'

બુદ્ધ–મહાવીરની સદી નિરીશ્વવાદી વિચારોની સદી હતી. બુદ્ધ–મહાવીર અને શ્રમણો ન તો વેદમાં માનતા હતા કે ન તો ઈશ્વરમાં–પરમતત્ત્વમાં. તેથી બુદ્ધ–મહાવીરને પણ 'નાસ્તિક' ગણવામાં આવે છે. વેદોમાં કે ઈશ્વરમાં ન માને તે નાસ્તિક ! અલબત્ત વિશ્વ અનંત છે કે અંતયુક્ત છે ? શરીર અને આત્મા એક છે કે જુદા ? આત્મા–પરમાત્મા એક છે કે જુદા ? જગત આદિ–અંત છે કે અનાદિ અનંત છે ? જગતનું અસ્તિત્વ છે કે નથી ? એવા બંને પ્રકારના વિરોધી મતો આ પંથોમાં પ્રવર્તતા.

આજના સાધુ–બાવાઓની જેમ શ્રમણોની પણ પુષ્કળ સંખ્યા બની હતી.શ્રેષ્ઠી અનાથ પીંડકને ત્યાં રોજના પાંચસો બૌદ્ધ ભિક્ષુ ભોજન લેતા.

આમ તો બાસઠ પંથ હતા, પરંતુ તેમાં મુખ્ય તો છ પંથ હતા. પુરણ કશ્યપનો અક્રિયાવાદ, મખ્ખલિ ગોશાલનો સંસારશુદ્ધિ નિયતિવાદ, અજિત કેસ કંબલીનો ઉચ્છેદવાદ, પકુધ કાત્યાયનો અન્યોન્યવાદ, નિગંઠ નાતપુત્ત (અર્થાત્ મહાવીર)નો ચાતુર્યામ સંવરવાદ અને સંજય બેલટ્ઠિપુત્તનો વિક્ષેપવાદ. અલબત્ત આ વાદોનાં નામ બૌદ્ધ ગ્રંથોએ આપેલાં છે. સાતમો છે બુદ્ધનો મધ્યમ માર્ગ.

પુરણ કશ્યપ આજીવક હતો. તેના મતે પાપ–પુણ્ય કશું નથી. અગ્નિ, પૃથ્વી, જલ, વાયુ, આનંદ, દુઃખ અને આત્મા એ વિશ્વના સાત તત્ત્વ છે. આત્માને શસ્ત્ર છેદી ન શકે. સદ્કર્મ કે દુષ્કર્મનું કોઈ ફળ નથી. આ જગત સિવાય બીજું કોઈ જગત નથી. સર્વ માનવ સમાન છે. કોઈને માન આપવાની કે લેવાની જરૂર નથી. નિયતિ નકકી છે. હજારો–લોકોને કાપી નાંખશો તોય પાપ થશે નહિ. દાન આપો કે લૂંટો, સર્વ સમાન છે. પોતાને વાગે અને થાય તે જ પીડા કે શિક્ષા ગણાય. વિદેહના રાજા અંગતિ અને મગધપતિ અજાતશત્રુને તે આ ઉપદેશ આપતો ! તેમ છતાં શ્રમણ થયેલા નાસ્તિકને પણ તે વેળાના રાજવીઓ–મહાજનો નિભાવી લેતા !

મખાલિ ગોશાલ આજીવક હતો. થોડો સમય તે મહાવીરનો સહયોગી, સાથી હતો. પછી મતભેદ થતાં શત્રુ થયો. મખાલિ ગોશાલનો તો બુદ્ધ પણ તિરસ્કાર કરતા. તે માનવવાળનો કામળો ઓઢતો. બુદ્ધ તેને ઠંડીમાં ઠંડો, ગરમીમાં ગરમ અને ચીતરી

ચઢે તેવો ગંધાતો કહેતા. તે ગૌશાળામાં જન્મેલો તેથી ગોશાલ કહેવાયો. કઠપૂતળી કે ચિત્રદર્શનનો  ખેલ કરાવતી જ્ઞાતિનો તે હતો.

તેના મતે માણસ નિયતિ બદલી ન શકે. નૈતિક મૂલ્ય કે જવાબદારી નથી, કાર્યકારણ નથી. સૂતરના દડાની જેમ ચોર્યાશી લાખ જન્મ–મરણના ફેરા પછી અંત જ અંત છે. તે જ મોક્ષ છે. મોક્ષ માટે તપ કરવાની જરૂર નથી, તે સહુને પ્રાપ્ય છે. સંત હો કે પાપી, તેને મોક્ષ મળે જ મળે ! તેથી સંન્યાસ, સદ્કર્મ, શીલ, ક્રિયાકાંડ સર્વ નિરર્થક છે. સોયની અણી પર બેસી તપ કરીએ તો પણ નિયતિથી વધુ ન મળે. ઈશ્વર જેવું કશું નથી. જો તે સાકાર હોય તો આટલું મોટું વિશ્વ ન ઘડી શકે, અને જો નિરાકાર હોય તો શૂન્યાવકાશ હોવાથી કશું સર્જી ન શકે ! સમયને ભૂત, વર્તમાન અને ભવિષ્યમાં વિભાજિત ન કરી શકાય. આ વિશ્વ–બ્રહ્માંડ અનંત છે. જો કોઈનું અસ્તિત્વ નથી, તો તે નથી જ અને જો કોઈનું અસ્તિત્વ છે તો છે જ. જો કોઈ તપસ્વી શરીર પરથી જૂ વીણતો હોય તો મશ્કરી કરતો, ટોકતો કે તું તપ કરે છે કે જૂ વીણવાની ક્રિયા કરે છે ? તે બુદ્ધની જેમ તપનો વિરોધી હતો. મહાવીરના તપ સામે જ તેને વાંધો પડયો હતો. તે ત્રણ અવસ્થામાં માનતો. સંસારી બદ્ધ, મહાવીર–બદ્ધ ન બદ્ધ – ન મુક્ત. જ્યારે પોતે મુક્ત અવસ્થામાં રહેતો. જે કુંભારણને ત્યાં રહેતો હતો, તેની સાથે તેણે શરીરસંબંધ પણ બાંધેલો ! ગોશાલના મતની ટીકા બૌદ્ધ–જૈન ગ્રંથોમાં મળે છે. તેમ છતાં છે અશોકના સમય સુધી ગોશાલનો આજીવક સંપ્રદાય જીવિત રહેલો. આખરે તો બૌદ્ધ અને જૈન સંપ્રદાયો આજ સુધી ટકયા. બૌદ્ધો ભારત બહાર અને જૈનો ભારતના કેટલાંક રાજ્યોમાં જ રહ્યા છે. હવે દલિતો બાબાસાહેબ આંબેડકરના માર્ગે ચાલી બૌદ્ધ થવા લાગ્યા છે.

અજિત કેસ કંબલી બૃહસ્પતિ કે ચાર્વાક જેવો પરંતુ અંશતઃ નાસ્તિક હતો. તેના મતે મનુષ્ય ચાર તત્ત્વોનો બનેલો છે. મૃત્યુ પામે ત્યારે માટી પૃથ્વીમાં, પાણી પાણીમાં અગ્નિ અગ્નિમાં, વાયુ વાયુમાં ભળી જાય છે. જ્યારે એની ઈન્દ્રિયો અવકાશમાં સમાઈ જાય છે. અલબત્ત, એની આ ઈન્દ્રિયોની ધારણા અતાર્કિક છે. દાન આપવાનું કહેનારા (અર્થાત્ બ્રાહ્મણ) મૂર્ખ છે. અશરીરી દૈવી તત્ત્વ કે આત્માની વાત કરનારા (ઉપનિષદના ઋષિઓ) ખોટું બોલે છે. મૃત્યુ પછી કશું રહેતું નથી. આમ અજિત કેસ કંબલી પાક્કો નાસ્તિક હતો.

પકુધ કાત્યાયનના મતે આ જગત પૃથ્વી, પાણી, પ્રકાશ, વાયુ, સુખ, દુઃખ અને જીવ એમ સાત પદાર્થોનું બનેલું છે. તે અણુવાદી હતો, પુરણ કશ્યપ સાથે સંમતિ ધરાવતો. તલવારથી કોઈનું માથું કાપીએ તો તે હિંસા નથી, પરંતુ તલવાર કેવળ સાત તત્ત્વોમાંથી

પસાર જ થાય છે ! કોઈ ઘાતક નથી, કોઈ ઘાયલ નથી. કોઈ શ્રોતા નથી, કોઈ વક્તા નથી, કોઈ જ્ઞાતા નથી, કોઈ અજ્ઞાતા નથી. પકુધના વિચારો વિચિત્ર લાગે છે. અલબત્ત, પૃથ્વી, પાણી, વાયુ, પ્રકાશનાં તત્ત્વો તેણે લોકાયત–ચાર્વાકવાદમાંથી મેળવ્યાં લાગે છે.

મહાવીર સ્વામી–જૈન ધર્મના સિદ્ધાંતો સુપ્રસિદ્ધ છે. મહાવીર પૂર્વે અહિંસા, સત્ય, અસ્તેય અપરિગ્રહના સિદ્ધાંતો કે મૂલ્યો પાર્શ્વનાથના આદિ જૈન ધર્મમાં હતાં જ. તેમાં મહાવીરે મૈથુનવિરતી અર્થાત્ બ્રહ્મચર્ય ઉમેર્યું, તેટલું જ તેમનું પ્રદાન છે. મહાવીર ઉપવાસ, તપ અને તે દ્વારા મોક્ષ–નિર્વાણ પર વિશેષ ભાર આપતા હતા.

સંજય બેલટ્ઠિપુત જૈનોના સ્યાદવાદ કે અનેકાન્તવાદમાં માનતો હતો. વિશ્વમાં કોઈ એક સત્ય નથી. ઈશ્વર છે પણ ખરો અને નથી પણ. આમ પણ હોઈ શકે, તેમ પણ હોઈ શકે. આજની પરિભાષામાં તેને અજ્ઞેયવાદી કહી શકાય. અજ્ઞેયવાદીઓ ઈશ્વર હોવા કે ન હોવા વિશે શંકાશીલ છે.

સમય જતાં પુરણ કશ્યપ અને મકખલિ, ગોશાલના પંથો એક થયા અને આજીવક તરીકે ઓળખાયા. એ જ રીતે સંજયનો મત જૈન મતમાં ઓગળી ગયો તો પકુધનો મત કણાદના અણુવાદ વૈશેષિક મતમાં ભળી ગયો લાગે છે. કણાદ ઋષિએ પૃથ્વી, જળ, તેજ અને વાયુ એ ચાર તત્ત્વોના પરમાણુઓથી જગત રચાયું હોવાની ધારણા આપી છે. એમના આ પરમાણું શબ્દથી આપણે તેમને પરમાણુ શક્તિના આદિશોધક માનીએ છીએ !

અજિત કેસ કબલી પૂરો નાસ્તિક હતો. આ લોક જ સ્વર્ગ છે અને સુખસુવિધા મેળવવા પ્રયત્ન કરવા યથાયોગ્ય છે, એમ તે કહેતો. તેના વિચારો સાધારણ લોકોને ગમતા, તેથી તે લોકાયત કહેવાયો. તેના મતનો વિકાસ ચાણક્યે–કૌટિલ્યે તેમના 'અર્થશાસ્ત્ર' ગ્રંથમાં કર્યો છે.

આશ્ચર્ય એ વાતનું થાય છે કે આ પૂર્ણ નાસ્તિક, અંશતઃ નાસ્તિક પંથના પ્રવર્તકોએ બૃહસ્પતિ સૂત્રો કે ચાર્વાકનું નામ પણ લીધું નથી. બૃહસ્પતિ કે ચાર્વાક, વેદ અને ઉપનિષદના વચ્ચેના સમયમાં થયા હોવા સંભવ છે. કોણ ગુરુ અને કોણ શિષ્ય તે નક્કી કરવું મુશ્કેલ છે, પરંતુ આ છએ છ પંથો પર ચાર્વાકમતનો પ્રભાવ અવશ્ય હતો, એમ ચોક્કસ કહી શકાય.

......................

સંદર્ભ :

૧) બુદ્ધિચરિત, ધર્માનંદ કોસમ્બી      ૨) મહાવીરચરિત, ગોપાળદાસ પટેલ

૩) જેમ ઈન ધ લોટસ, અબ્રાહમ ઈરાલી

# કટ્ટરવાદીઓના હાથમાં કટાર

**–એન. વી. ચાવડા**

**(હવે આપણી વચ્ચે એન. વી. ચાવડા નથી. તેઓશ્રી શબ્દદેહે આપણી વચ્ચે જીવિત છે. એ શબ્દદેહના ભાગસ્વરૂપ એમણે સત્યશોધક સભાને કેટલાક લેખ મોકલ્યા હતા. એમની યાદ તાજી રાખવા એ પૂરા થાય ત્યાં સુધી અત્રે પ્રગટ કરતા રહીશું. –સૂ.)**

આઝાદી પછી આપણા સમાજનું જે સામાજિક, રાજકીય, નૈતિક અને ધાર્મિક સર્વતોમુખી અધઃપતન થયું છે, અને આપણો દેશ એક નંબરનો ભ્રષ્ટાચારી દેશ તરીકે કુખ્યાત થયો છે, તેનું એક મુખ્ય કારણ એ છે કે આઝાદી પછી કેટલાંક કટ્ટરવાદીઓના હાથમાં કટારો આવી ગઈ છે. જેણે સમાજને માનસિક રીતે બૂરી રીતે ઘાયલ કરી બેશુદ્ધ બનાવ્યો છે. આ કટાર એટલે અખબારી કોલમ. બેય બાજુએ ધારવાળા ચપ્પુને પણ કટાર અથવા ખંજર કહેવામાં આવે છે. કેટલાક અખબારી કોલમો યાને કટારો આ ખંજર જેવું કામ કરતી હોય છે. તેના લખનારા લેખકો ધૂર્ત બુદ્ધિ અને બિકાઉ હોય છે. કટ્ટરવાદી સ્થાપિત હિતોના તેઓ હથિયાર હોય છે. તેઓ પોતાના લખાણોમાં વિવેકબુદ્ધિનો યાને તર્ક અને અનુભવનો ઉપયોગ કરવાને બદલે કેવલ–શ્રદ્ધા યા આસ્થાનો ઉપયોગ કરે છે. આ શ્રદ્ધા યા આસ્થા વાસ્તવમાં અંધશ્રદ્ધા સિવાય કશું જ નથી. આ કટારધારીઓ શ્રદ્ધા યા આસ્થાના (વાસ્તવમાં અંધશ્રદ્ધાના) આકર્ષક બહાના તળે ઈશ્વર અને દેવી–દેવતાઓ વિશે મનઘડંત જૂઠ, અજ્ઞાન અને ચમત્કારોનો સતત પ્રચાર કરતા હોય છે. એમ કરીને તેઓ સમાજના દુઃખી, લાચાર, નિર્બળ અને અજ્ઞાની લોકોને ધર્મ અને ઈશ્વરને નામે વ્યવસાય કરનારા સ્થાપિતહિતો અને બાવા–ગુરુઓના શિકાર બનાવતા હોય છે. આ સ્થાપિત હિતો અને બાવા–ગુરુઓ આ અજ્ઞાની સમાજને તન–મન–ધનથી આસાનીથી લૂંટીને સત્તા, સંપત્તિ અને ઐશ્વર્ય ભોગવતા રહે છે. આ સ્થાપિત હિતો આવા કટારધારી લેખકોને માન–સન્માન, એવોર્ડ, મબલખ ધન આપીને ખરીદી લીધેલા હોય છે.

ધર્મ અને અધ્યાત્મના પ્રચારક પ્રવચનકારો પણ બહુધા આ કટારધારીઓની શ્રેણીના જ હોય છે. (અલબત્ત થોડાંક સાચા અને ઈમાનદાર કટારલેખકોને આ વાત લાગુ પડતી નથી) આ બધા તર્કવીહીન વિદ્વાનોએ આપણા સમાજના એક વિશાળ વર્ગને પશુ સમાન બનાવ્યો છે. જે વાતવાતમાં પોતાની ધાર્મિક લાગણી દુભાયાનો મુદ્દો આગળ કરીને ટોળાંશાહી આચરે છે.

## ચિંતનકણિકા

–મોહન પટેલ
મો.–૯૭૨૭૮ ૧૮૩૯૧

* સ્વચ્છંદ અને નિરૂદ્યમમાંથી નહીં–પરંતુ શ્રમમાંથી જ આનંદ મળે છે – જ્યારે માણસ પોતાના કામને ચાહવા લાગે છે ત્યારે જ તે સુખી બને છે. **–રસ્કિન**
* તમે જિંદગીને ચાહો છો ? તો સમયને વેડફી નાંખતા નહીં–કારણકે જિંદગી એની જ બનેલી છે. **–બેંજામીન ફ્રેંકલીન**
* ગઈકાલની ભૂલો અને આવતીકાલનો ભય, રખે તમારો આજનો દિવસ વણસાવે.
* બદલતી પરિસ્થિતિમાં જરૂરિયાત પ્રમાણે જાતમાં પરિવર્તન લાવવાની ક્ષમતા એક ઉત્તમ મનોવૈજ્ઞાનિક ગુણવત્તા છે. **–ડૉ. પ્રશાંત ભીયાણી**

## લડાઈઓ

(ગુજરાતી દલિત સાહિત્ય અકાદમીની પ્રકાશન શ્રેણીના ૧૧૫મી પુસ્તિકા 'વૉરિયર' કે જેના સર્જક પ્રવીણ ગઢવી છે તેમાંથી સાભાર)

સર્વ
પ્રાણીજગત
ભૂખ માટે લડે છે,
માદા માટે લડે છે.
માણસને તો
આટલી લડાઈઓ
ઓછી પડી,
તેથી ઈશ્વરના આકાર વિશે લડે છે !
નાતજાતના વાડા માટે લડે છે !
ભાષા માટે, વેપાર–ધંધા માટે અને
સરહદો માટે લડે છે !

# ગીતાંજલિ

છું રેશનાલિસ્ટ
નથી માનતો કે ઈશ્વર કે
તેની લીલામાં.
આ બધી વિશ્વલીલા તો છે
પદાર્થની.
તેનાં રાસાયણિક સંયોજનોની.
પદાર્થને છે
પોતાના ગુણધર્મો.
ઈશ્વરની જેમ તે મનસ્વી નથી,
ગુણધર્મો–નિયમોનું પાલન
છે ફરજિયાત.
તેમાં મીનમેખ નહીં !
તો ય
કવિવર રવીન્દ્રનાથ ટાગોરની
'ગીતાંજલિ' વાંચું છું
ત્યારે
મન થઈ જાય બે ઘડી
ઈશ્વરમાં માનવાનું !
અલબત્ત,
રવીન્દ્રનાથનો ઈશ્વર
મંદિરો, મસ્જિદો, ચર્ચોમાં, અગિયારીઓમાં, સાઈનાગોગમાં
કેદ નથી
કિંતુ

માટીના ઢેફાંમાં શ્રમ કરતા
ખેડુના પ્રસ્વેદમાં
અને દિલની જેમ પથ્થરો તોડતા
મજૂરના
શ્વાસોચ્છ્વાસમાં વસે છે !
એવો ઈશ્વર તો
અવશ્ય ગમે !

## ગાંધીજીને શ્રદ્ધાંજલિ

ગાંધીજીને અમે આપી હતી શ્રદ્ધાંજલિ
જન્મ શતાબ્દીએ / હુલ્લડોની હોળી પ્રગટાવી
એમની જ કર્મભૂમિ / અમદાવાદમાં !
બીજાં પચાસ વર્ષ થતાં થતાં તો
ધ્વંસ કરી બાબરી મસ્જિદ
ઠેર ઠેર પ્રગટાવી / હુલ્લડોની હોળી !
આપી ગાંધીજીને શ્રદ્ધાંજલિ...
હવે ગોડસેના મંદિર બનાવી,
ગાંધીની તસ્વીર પર ત્રણ ગોળીઓ છોડી
આપી રહ્યા છીએ શ્રદ્ધાંજલિ...
ગાંધીજીનો આત્મા
કદાચ કયાંક જીવતો હોય તો
તેણે હણી દો / સળગાવી દો
દોઢસો વર્ષ થાય તે પહેલાં
અને આપો ગાંધીજીને પૂર્ણ શ્રદ્ધાંજલિ !

# ઈતિહાસ નોંધ લેશે ?

ઈતિહાસે નોંધી છે,
મુસાની હિજરત.
ઈતિહાસે નોંધી છે,
માઓની સશસ્ત્ર દીર્ઘ કૂચ.
ઈતિહાસે નોંધી છે
આંબેડકરની જળતૃષા માટે કૂચ.
ગાંધીજીની નિઃશસ્ત્ર દાંડીકૂચ,
ઈતિહાસે નોંધી છે
બંગાળી ભાષા પરના બળાત્કારની
હિજરત.
કોરોનાની તાળાબંધીથી પીડિત
વતનની દિશામાં ચાલ્યા જતા
આ ભૂખ્યાતરસ્યા, હાર્યા–થાકયા
રસ્તે રઝળતા,
પોલીસની લાઠીઓ ખાતા,
પ્રવાસી શ્રમજીવીઓની મહા હિજરતની
ઈતિહાસ નોંધ લેશે કે
ભૂંસાઈ જશે એમનાં પગલાં ?

(પ્રાપ્તિ સ્થાન : 'પ્રકંપ' ૭, દુર્ગાકૃપા સોસાયટી, કીર્તિધામ તીર્થ પાસે,
ચાંદખેડા, અમદાવાદ. મો–૯૪૦૮૨ ૨૯૨૫૩)

## સત્યશોધક સભાના સત્યશોધન માટેના પ્રયત્નો

# ત્રિવિધ – કાર્યક્રમ



સુરતના કતારગામની શ્યામ વાડીમાં તા. ૨૮–૧૨–૨૪ ને શનિવારે ત્રિવિધ કાર્યક્રમ યોજાયો હતો.

તા. ૨૭ મી ડિસેમ્બરે સત્યશોધક સભાના પૂર્વપ્રમુખ બાબુભાઈ દેસાઈનું નિધન થયું હતું. એમને સ્મરણાંજલિ અર્પવા માટે આ કાર્યક્રમનું આયોજન થયું હતું. પ્રમુખ સૂર્યકાન્ત શાહે રેશનાલિઝમ માટે અને સમાજના છેડે રહી ગયેલાઓ માટે બાબુભાઈના પ્રયત્નોને યાદ કરી એમના પગલે ચાલવાની હિમાયત કરી હતી.

કાર્યક્રમની શરૂઆત સત્યશોધક સભાના એક મંત્રી જાદવ વેકરિયાએ કરેલ અગ્નિ પ્રાગટયથી થઈ હતી. સ્વયંભૂ પ્રગટતા અગ્નિના રહસ્યને સભાજનો પૈકી કેટલાક જાણતા હતા. આથી આવા ચમત્કારથી ભોળવાઈને લૂંટાઈ નહીં જવાની જાદવની અપીલને સૌએ વધાવી હતી. સત્યશોધક સભાના બીજા મંત્રી ડૉ. સુષ્મા અય્યરે સૌનું સ્વાગત કરતા જણાવ્યું હતું કે માધુભાઈ કાકડિયા એટલે પાખંડીઓ માટેનો કાળ. એમણે અનેક પાખંડીઓના કાળા કરતૂતોને ખુલ્લા પાડી સમાજની મોટી સેવા કરી છે. આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલ એડવોકેટ હર્ષ પંડયાનું એમણે ભાવભીનુ સ્વાગત કર્યુ હતું. મંચસ્થ અન્ય મહાનુભાવો અને સર્વે શ્રોતાઓને એમણે ઉષ્માસભર આવકાર્યા હતા.

સભાના એક સહમંત્રી સુગીત પાઠકજીએ સત્યશોધક સભાનો પરિચય આપતા જણાવ્યું કે સમાજ વિરોધી અને કિંમતી ખાદ્ય પદાર્થોના વિનાશની વિરુદ્ધના યજ્ઞને રોકવા માટેના સુરતના પ્રબુધ્ધ લોકોના પ્રયત્નમાંથી સત્યશોધક સભાનો આજથી પિસ્તાળીસ વર્ષ પૂર્વે જન્મ થયો. ત્યારથી સતત અંધશ્રદ્ધા–વહેમની વિરુદ્ધમાં અને રેશનાલિઝમના

પ્રચાર માટે સત્યશોધક સભા ભાંડાફોડ, માધુભાઈની આગેવાની હેઠળ કાળી ચૌદસે વડાના સદ્‌ઉપયોગ, પ્રવચનો, પ્રકાશનો અને ખાસ તો માસિક 'સત્યાન્વેષણ' નિયમિત બહાર પાડવાની પ્રવૃત્તિઓ કરે છે.

ત્યારબાદ પ્રમુખ સૂર્યકાન્ત શાહે યોજાયેલા ત્રિવિધ કાર્યક્રમમાં બાબુભાઈને સ્મરણાંજલિ, ઉપરાંત માધુભાઈ કાકડિયાનું સન્માન, તેમ જ એડવોકેટ હર્ષભાઈ રાવળ તરફથી અંધશ્રદ્ધા વિરોધી કાયદાની સમજનો સમાવેશ થાય છે. હાઈકોર્ટમાં પાલનપુરના અશ્વીન કારીઆ અને ગિરીશ સૂંઢીયાએ કરેલ જાહેર હિતની અરજી અને તેના પર હર્ષભાઈ રાવળની દલીલો સાંભળીને હાઈકોર્ટે સરકારને એનો જવાબ ફાઈલ કરવા જણાવેલું. કદાચ હાઈકોર્ટના ઈતિહાસમાં પહેલી વાર એવું બન્યું હશે કે પહેલી જ મુદતે ગુજરાત સરકારે એ અંગેનો કાયદો પોતે તૈયાર કરશે એવું જણાવ્યું. સમયના ખૂબ ટૂંકા ગાળામાં ગુજરાત સરકારે તેનો ખરડો તૈયાર કર્યો... ત્રણ દિવસના ટૂંકા ગાળાના વિધાનસભા સત્રમાં ખરડો મૂકાયો તે પણ એક અદ્વિતીય ઘટના હતી. એ ખરડાને કાયદો બનાવવા જ્યારે મતદાન માટે મૂકાયો ત્યારે બધા રાજકીય પક્ષો પોતાના મતભેદો ભૂલી ગયા. વિધાનસભાના આટલા ટૂંકા સત્રમાં કોઈ એક ખરડો કાયદાનું સ્વરુપ પકડે અને તે પણ સર્વાનુમતે એ ગુજરાતના રાજકીય ક્ષેત્રે કદાચ પહેલી ઘટના બની હશે ! ત્યારબાદ હાઈકોર્ટની સુનાવણી પ્રસંગે ગુજરાત સરકારે જ્યારે તેનો કાયદો બન્યાનું કોર્ટને જણાવ્યું ત્યારે કોર્ટે એની પ્રસન્નતા વ્યક્ત કરી. હાજર અરજદારોને હવે તેના પ્રચાર–પ્રસારનું આહવાન કર્યું. આ બધામાં પાયાના એક પથ્થર તરીકે હાજર એડવોકેટ હર્ષભાઈ રાવળ પણ છે. માધુભાઈ જેવા અનેક જવામર્દોની પાખંડીઓની લીલા ખુલ્લી પાડવાનો પુરુષાર્થ પણ છે.



ત્યારબાદ ભાઈશ્રી વણકરે માધુભાઈનો પરિચય આપ્યો હતો. ત્યારબાદ જે એક હેતુ માટે સૌ ભેગા થયા હતા. તે પ્રમુખ સૂર્યકાન્ત શાહ, પરસ્પર દેવોભવના કાર્યકરો, સત્યશોધક સભાના કાર્યકરોએ ભેગા થઈને માધુભાઈને શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. જેને શ્રોતાઓએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધું હતું.

ત્યારબાદ માધુભાઈએ આટલી જૈફ વયે પણ પોતાનો હજી ઘણું કામ કરવાનું બાકી છે, અને પોતે તે કરવાનો નિર્ધાર જાહેર કર્યો હતો. પોતાના વિવિધ કાર્યોમાં મદદ કરનાર અને ખાસ તો એમના ભાઈઓનો એમણે આભાર માન્યો હતો. સત્યશોધક સભા, પરસ્પર દેવોભવ અને અન્યોએ પોતાનું સન્માન કર્યું તે પરત્વે આભાર વ્યકત કર્યો હતો.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન ઉદ્‌ઘોષણા કરનાર રાકેશભાઈ દેસાઈએ ત્યારબાદ એડવોકેટ હર્ષભાઈ રાવળને અંધશ્રદ્ધા વિરોધી કાયદાની સમજ આપવા આમંત્રણ આપ્યું હતું. સમાજ સુધારાને લગતા થતા કાયદા સમાજને વધારે વિવેકી અને સમાનતા સ્થાપનમાં ખૂબ કામ લાગે છે તેની સમજ એડવોકેટ રાવળે આપી હતી. ત્યારબાદ એમણે કાયદાની વિવિધ જોગવાઈઓ સમજાવી હતી. શ્રોતાઓને વિનંતી કરી હતી કે હવે તેઓ આ કાયદાની મદદથી પોતપોતાના ક્ષેત્રોમાં ભોળા લોકોનું તન–મન–ધનથી શોષણ કરનારાઓને કાયદા–કોર્ટના નેજા હેઠળ લાવે. એમને તેમ કરતા અટકાવે. (આ અંકમાં પાના નં. ૧૯ પર એમનું પ્રવચન પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.)

સત્યશોધક સભાના એક કાર્યકર ડૉ. પ્રદીપ માર્ટિને ખાસ એડવોકેટ હર્ષ રાવળ, આયોજકો અને હાજર શ્રોતાઓનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. સૌ સમૂહભોજન લઈને વીખરાયા હતા.

---

**સત્યશોધક સભાને દાન**

મુંબઈના ભગવાનજી રૈયાણી તરફથી સત્યશોધક સભાને રૂા. ૫,૦૦૦/– નું દાન મળ્યું છે, જેનો સાભાર સ્વીકાર કરવામાં આવ્યો છે.

**૧૩–૧૨–૨૦૨૪** **સૂર્યકાન્ત શાહ**

# લેભાગુ ભૂવા –તાંત્રિક હજી કેટલાને ખુવાર કરશે ?

**–મહેશ શાહ** (અમદાવાદ)

**ચમત્કાર અને પરચાની વાતો પ્રસરાવી પૈસા, પદ, પ્રતિષ્ઠા અપાવવાનો તથા અસાધ્ય બીમારીની સારવાર કરી આપવાનો દાવો કરતા તાંત્રિક અને ભૂવા ગુજરાતમાં વધતા જાય છે. આવી અંધશ્રદ્ધા ડામવા કાયદો છે. તેમ છતાંય લોકો એમની જાળમાં ફસાયા જ કરે છે. હદ તો એ છે કે હમણાં આવો એક ભૂવો અમદાવાદની હોસ્પિટલમાં એક દરદીના 'ઈલાજ' માટે પહોંચી ગયો !**

ગુજરાતની સૌથી મોટી એવી અમદાવાદની સિવિલ હૉસ્પિટલ સમયાંતરે ચર્ચામાં રહે છે. હમણાં એના સુપરિટેન્ડેન્ટે સિવિલ હૉસ્પિટલની બદનામી અંગે પોલીસને અરજી આપી. જાણીને આશ્ચર્ય થશે કે એ પાત્ર છે અમદાવાદનો ભૂવો.

એના મૂળમાં છે આ ઘટના : સોશિયલ મીડિયામાં વાઈરલ થયેલા એક વિડિયોમાં ટી–શર્ટ અને ચશ્માધારી યુવાન મુકેશ માસ્ક પહેરીને સિવિલ હોસ્પિટલના આઈસીયુ વૉર્ડમાં જાય છે. એમાં સારવાર લેતા દરદીના માથા પર હાથ ફેરવીને કોઈક મંત્ર બોલે છે. પછીના દ્રશ્યમાં આ દરદીનો હોવાનો મનાતો પરિવાર પોતાને ડોકટર ખોડિયાર તરીકે ઓળખાવતા મુકેશ ભૂવાના કંકુ–પગલાં પડાવીને અને આરતી ઉતારીને એનું સ્વાગત કરે છે.

સિવિલ હોસ્પિટલના સુપરિટેન્ડન્ટ ડૉ. રાકેશ જોશી ચિત્રલેખાને કહે છે : 'સિવિલ કૅમ્પસમાં ફોટો અને વિડિયોગ્રાફી પર પ્રતિબંધ છે, છતાંય ભૂવાએ કોઈક પાસેથી મુલાકાતી પાસ લઈને વૉર્ડમાં જઈને દરદી સાથેનો વિડીયો ઉતારીને વાઈરલ કર્યો. એનાથી હૉસ્પિટલની બદનામી થઈ. વળી, આ અંધશ્રદ્ધા ફેલાવવાની કોશિશ છે.'

આ ઉપરાંત, આ લેખમાં આવા છ લેભાગુઓની કારનામાની વિગતો જણાવવામાં આવી છે. છેવટે ભરત પટેલનો મત સમજવા જેવો છે.

અમદાવાદની ક્રાઈમ બ્રાન્ચના આસિસ્ટન્ટ પોલીસ કમિશનર ભરત પટેલ સાહિત્ય અને સંસ્કૃતિપ્રેમી છે. એ આ મુદ્દાને સામાજિક પરિપ્રેક્ષ્યમાં આમ સમજાવે છે :

'વિવિધ ધર્મગ્રંથ, પૌરાણિક કથા, લોકસાહિત્ય, પ્રાર્થના, સ્તુતિ, વગેરેમાં ભૂત,

પ્રેત, પિશાચ, ડાકણ, રાક્ષસ, આસુરી શક્તિ, મેલી વિદ્યા, નડતર વગેરે તથા પરચા, ચમત્કાર સિદ્ધિનો ઉલ્લેખ જોવા મળે છે. સાથોસાથ અમુક રિવાજ, પરંપરા, માન્યતા, વિધિ, ટુચકાથી ભુત, પ્રેત, ખવીસ, ડાકણ, મેલી વિદ્યા, નડતર, વળગાડ, બૂરી નજર, વગેરે દૂર થતાં હોવાની વાતો આપણે સાંભળીએ છીએ. એમાંથી કદાચ અમુક લોકો એ બધું માનવા પ્રેરાય છે અને સમસ્યા, દુઃખ, દર્દ, સંપત્તિ વિવાદ, અપેક્ષિત પરિણામ મેળવવા, દુશ્મનને માત કરવા, વગેરે માટે લેભાગુ કે પાખંડી જ્યોતિષ, ભૂવા તાંત્રિકની મોહજાળમાં ફસાય છે.'

ગુજરાત સરકારે કાળા જાદુ, અઘોરી પ્રથા, માનવબલિ, વગેરે રોકવા, અંધશ્રદ્ધા નિર્મૂલનનો કાયદો બનાવ્યો છે. એમાં સાત વર્ષ સુધીની સજા અને દંડની જોગવાઈ છે. એ જ રીતે લોકોને લેભાગુ કે પાખંડી ભૂવા, તાંત્રિક, બાબા, બાપુ, સાધુ વગેરેથી બચાવવા અને જાગૃતિ માટે સૌરાષ્ટ્રના વિજ્ઞાન જાથાના ડૉ. જયંત પંડયા અને બીજા અમુક લોકો વર્ષોથી ઝુંબેશ ચલાવે છે. પોલીસે જાગ્રત લોકોની મદદથી અનેક ભૂવા–તાંત્રિકના તરકટ ખુલ્લા પાડયા છે અને એમાંથી કેટલાંક જેલ ભેગા પણ થયા છે. તેમ છતાં તાંત્રિક–ભૂવાનો કારોબાર ઘટયો નથી.

('ચિત્રલેખા'ના તા. ૬–૧–૨૫ના અંકમાંથી ટૂંકાવીને સાભાર)


## સત્યશોધક સભાનાં પ્રકાશનો

(૧) વિજ્ઞાન અને અલૌકિક ઘટનાઓ રૂા. ૫૦ – ડૉ. બી. એ. પરીખ
(૨) નવા વહેમો : વાસ્તુશાસ્ત્ર અને ફેંગશુઈ રૂા. ૩૦ – ડૉ. બી. એ. પરીખ
(૩) આપણો માંદો સમાજ રૂા. ૩૦ – સૂર્યકાન્ત શાહ
(૪) લગ્ન પહેલા અને પછી (બીજી આવૃત્તિ) રૂા. ૩૫ –ડૉ. બી. એ. પરીખ
(૫) ડાર્વિનનો ઉત્ક્રાંતિવાદ : માનવીનું અવતરણ રૂા. ૩૫ –ડૉ. બી. એ. પરીખ
(૬) જ્યોતિષ વિજ્ઞાન નહીં, મિથ્યા કલ્પના રૂ. ૩૦ –ડૉ. બી. એ. પરીખ
(૭) જૈનોનું તર્કશુદ્ધ અજ્ઞાન રૂા. ૩૦/– –સૂર્યકાન્ત શાહ

**મેળવવા માટે મ. ઓ. કરો.**

# અંધશ્રદ્ધા વિરુદ્ધના કાયદા માટેની લડાઈ

–એડવોકેટ હર્ષ રાવલ, અમદાવાદ
મો. : 99042 54701

(તા. ૨૮–૧૨–૨૪ના રોજ યોજાયેલ ત્રિવિધ કાર્યક્રમમાં આપેલ પ્રવચન, પૂરી વિગતો સાથે)

વ્યકિતના વિકાસ માટે સારા શિક્ષકની બહુ જ જરૂરત રહી છે. એક શિક્ષક આખા સમાજને બદલી શકવા સમર્થ છે. આ વાત આચાર્યશ્રી અશ્વિન કારીયા સાહેબે સાચી પાડી છે. હું કારીઆ સાહેબનો વિદ્યાર્થી છું, અને તેમની સાથે રહી સામાજિક મૂલ્યો, કાયદો અને સમાજમાં ચાલતી બદીઓ વિશે નજીકથી સમજી શકયો છું. 'વૈજ્ઞાનિક અભિગમ'ની સમજણ અને વિવેકબુદ્ધિવાદની જીવનસરણી પણ એમની સાથે રહી સમજી શકવાનો પ્રયત્ન કરેલ છે. તેમના સાથે જ સંઘર્ષના સાથી ગિરીશભાઈ સુંઢિયા અને પાલનપુરના વિવેકબુદ્ધિવાદ પ્રમાણે જીવવાનો પ્રયત્ન કરતા બીજા અનેક મિત્રો અને વડીલો સાથે મુલાકાત થતી રહે છે. આ બધી વ્યકિતઓ જીવના જોખમે અંધશ્રદ્ધા અને વહેમમાંથી પેદા થયેલ સામાજિક બદીઓ સામે લડી રહ્યા છે. ગુજરાતમાં 'અંધશ્રદ્ધા નિર્મૂલન સમિતિ' ગોધરામાં, 'સત્યશોધક સભા' સુરતમાં અને રાજકોટમાં પણ જયંતભાઈ જેવી ઘણી વ્યકિતઓ આ કુપ્રથાઓ સામે લડત આપી રહેલા છે. મારા વિદ્યાર્થીકાળમાં કારીઆ સાહેબે મને 'અખિલ ભારતીય અંધશ્રદ્ધા નિર્મૂલન સમિતિ' જ્યારે ગુજરાતમાં સ્થપાઈ ત્યારે મને મહેસાણા જિલ્લા કોઓર્ડિનેટર બનાવેલ. આ વાત માત્ર એટલા માટે પ્રાસંગિક છે કે કોર્ટમાં અમે કરેલી જાહેર હિતની અરજી કોઈ પ્રોફેશનલ કેસ નહીં, પરંતુ કુપ્રથાઓ વિરુદ્ધની મારી અને બીજા સાથીઓની સરખી વિચારધારાનો પરિપાક હતો.



ભગવદ્ગોમંડલમાં 'અંધશ્રદ્ધા' શબ્દનો અર્થ 'અંધવિશ્વાસ કે વગર સમજની શ્રદ્ધા

એમ કરેલો છે. શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચે ભેદ કરવો એ અંતે વ્યકિતગત નિર્ણય અને સમજણ પર આધારિત છે, પરંતુ જો કોઈપણ આસ્થા કે શ્રદ્ધાઆધારિત કૃત્યો બંધારણ કે કાયદાની મર્યાદાથી બહાર જાય, ત્યારે ચોક્કસ રીતે તે રોકવા કાયદાની મદદથી પ્રયત્ન કરી શકાય.

આવો જ એક કિસ્સો, ભારતની સર્વોચ્ચ અદાલતમાં 'અંધશ્રદ્ધા' દૂર કરવામાં આવેલી એક જાહેર હિતની અરજીનો છે. જેમાં અંધશ્રદ્ધા શબ્દનો ઉપયોગ કરીને માત્ર અરજદારની માન્યતા પ્રમાણે કહેવાતું ધર્માન્તર રોકવાનો પ્રયત્ન કરાયેલ. કોર્ટે અરજી એટલા માટે ફગાવી દીધી કે અંધશ્રદ્ધા રોકવાનો કોઈ કાયદો ના હોય, એને માત્ર સામાજિક અને શૈક્ષણિક ચળવળ દ્વારા સમાજમાંથી દૂર કરી શકાય છે. આ હકીકત પરથી એક વાત સાફ થઈ જાય છે કે કે કોર્ટમાં અંધશ્રદ્ધા દૂર કરવા માટે કોઈ કાયદો કે કોઈપણ સામાજિક માનસિકતા દૂર કરવા મોઘમ રીતે કોઈ રજૂઆત કરી શકાય નહીં.

કારીઆ સાહેબ સાથેની મુલાકાતમાં મહારાષ્ટ્ર જેવો કાયદો ગુજરાતમાં લાગુ પાડવામાં નથી આવતો અને એ કાયદો ના આવે ત્યાં સુધી આ કુપ્રથાઓના અંકુશ માટે, ગુજરાત હાઈકોર્ટ દ્વારા કોઈ હુકમ કે ગાઈડલાઈન બનાવી તે માટે હાઈપાવર કમિટીની રચના કરવા માટે શકયતાની રજૂઆત કરવા હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી કરવાનો નિર્ણય કરવામાં આવેલ. કારીઆ સાહેબની કોઈપણ ઘટના સામે પત્ર લખવાની આદતના લીધે તેમણે લખેલા ૧૫–૨૦ પત્રો જેનો સરકાર દ્વારા કોઈ યોગ્ય નિર્ણય નહીં લેવાયો તે કારણે તેને લગતી પણ દાદ માંગવામાં આવી.

દેખીતી રીતે એક પ્રશ્ન થવો જરૂરી છે કે, 'આ મુદ્દે રાષ્ટ્રીય સ્તરે કાયદો કેમ નથી ?' ભારતના બંધારણના આર્ટિકલ ૨૪૬ અને ૭માં શિડ્યુલ નીચે રાજ્ય અને કેન્દ્ર બંનેને ક્રિમિનલ લૉ લગતા કાયદા બનાવવાની સત્તા છે. તેથી ઘણાં રાજ્યોએ પોતપોતાના કાયદા બનાવ્યા.

મહારાષ્ટ્રના ડૉ. નરેન્દ્ર દાભોલકરની હત્યાના ચાર જ દિવસમાં વટહુકમ કરી, અને મહારાષ્ટ્રની ધારાસભાએ Maharashtra Prevention and Eradication of Human Sacrifice and other Inhuman, Evil and Aghori Prectise and black Magic Act, 2013 પસાર કરેલ, તેમ જ The Karnataka Prevention and Eradication of Inhuman Evil Practices and Black Magic Act, 2017 અમલી થયેલ. ઓડિસામાં પસાર થયેલ The Odisha Prevention of witch-

hunting Act, 2013, રાજસ્થાનનો The Rajasthan Prevention of witch-hunting Act-2015, આસામનો The Assam witch Hunting (Prohibition, Prevention and Protection) Act, 2015. છત્તીસગઢનો The Chattisgarh Tonahi Pratadna Nivaran Adhiniyam, 2005 ભારતમાં અંધશ્રદ્ધા વિરુદ્ધના કાયદાઓમાં સૌથી પહેલો કાયદો છે. મહારાષ્ટ્ર, કર્ણાટક અને ગુજરાતના કાયદાઓ સંલગ્ન અનુસૂચિમાં ઘણી ઘટનાઓને અમાનવીય અને અનિષ્ટ હોવાનું નિર્દેશિત કરી અને તેને ગેરકાયદેસર જાહેર ઠેરવવામાં આવેલ છે. ૨૦૧૪માં અમલમાં આવેલ ઓડીસા, રાજસ્થાન અને આસામના કાયદા ડાકણ, વિચક્રાફ્ટ, વિચ–ડૉકટરને જ વ્યાખ્યાયિત કરે છે. વધુમાં આસામના કાયદામાં ભોગ બનેલ વ્યક્તિને વળતર આપવાની જોગવાઈ પણ છે. જેનું બીજા રાજ્યોના કાયદાઓમાં કોઈ પ્રાવધાન નથી.

જાહેર હિતની અરજીમાં કોઈ જગ્યાએ અંધશ્રદ્ધા રોકવા નહીં, પરંતુ જે કાયદાનો ભાગ બનેલ છે તેવી 'અમાનવીય અને અઘોરી પ્રથાઓ' ને અરજીમાં લખી અને રજૂ કરી આ પ્રથાઓ રોકવા અરજી કરેલ. જે હાલ પસાર થયેલ કાયદામાં કલમ ૨ (૧) (ક) મુજબ અનુસૂચિમાં સમાવિષ્ટ છે.

આ અરજી તૈયાર કરતી વખતે ગુજરાતમાં કઈ હદ સુધી કુપ્રથાઓ પાંગરી છે. તેનો કોર્ટને પ્રાથમિક અંદાજ આવી શકયો. આ અરજીની સાથે, ૩૦ થી વધુ ન્યૂઝ આર્ટિકલ મૂકવામાં આવેલ. જેમાંથી થોડાં ઉદાહરણ માટે નીચે રજૂ કરેલ છે.

(૧) ૯ મા ધોરણમાં અભ્યાસ કરતી બાળકીને પિતા અને કાકા દ્વારા તાંત્રિક વિધિમાં ટૉર્ચર કરી હત્યા કરાઈ.

(૨) યુગલે પોતાના જીવનનો માનવ બલિ કરીને અંત આણ્યો.

(૩) ૧૦ દિવસની બાળકીને મા–બાપના કહેવાથી તાંત્રિક ડામ આપતા સ્થળ પર જ મૃત્યુ નીપજેલ.

(૪) સત્યનાં પારખાં કરાવવા એક વ્યકિતના ઉકળતા તેલમાં હાથ ડૂબાવડાવ્યા.

(૫) ૧૪ વર્ષની દીકરીને પિતાના કહેવા પર થાંભલા સાથે દિવસો સુધી પ્રેત નિવારણ માટે બાંધી રાખવામાં આવી અંતે તેનું મૃત્યુ થયું.

(૬) ૧૨ વર્ષની વિકલાંગ બાળકીનો પરિવારજનોએ બળાત્કાર કરીને નરબલિ આપી.

(૭) ડાકણનો વહેમ રાખી દાદીને છરી અને કુહાડીના ઘા ઝીંકી પૌત્ર અને પૌત્રવધુએ

હત્યા કરી.

(૮) ડાકણનો વહેમ રાખી પુત્રએ માતાની લાકડીના ધોકાથી મારીને માતાની હત્યા કરી.

(૯) ગ્રહો સુધારવાના બહાને તરૂણી સાથે અડપલાં કરતો જ્યોતિષ પકડાયો.

(૧૦) કાળા જાદુના ડરથી આત્મહત્યા.

(૧૧) વળગાડ દૂર કરવાના નામે કંકુવાળુ પાણી પીવડાવી, છાતી પર ત્રણ પુત્રો, પુત્રી પુત્રવધૂ તેમ જ પત્નીએ કુદકા મારતા ઘરના મોભીનું મોત.

ઉપરાંત સ્થાવર જંગમ મિલકત અને શારીરિક, આર્થિક શોષણના બીજા ઘણા કિસ્સાઓ રજૂ કરવામાં આવેલ.

આ બધી ઘટનાનો ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૪ અને પહેલાના ઈન્ડિયન પિનલ કોડ, ૧૮૬૦ નીચે ગુનાઓની વ્યાખ્યામાં આવતી હતી અને આવે છે, પરંતુ આ કાયદા ગુનો થતા પહેલા રોકવાની જોગવાઈ કરતી નથી. તથા ઘણા ગુના માટે અલગ ખાસ જોગવાઈ કરતું નથી. તેથી ભારતીય બંધારણના આર્ટિકલ ૨૧ પ્રમાણે જીવન જીવવાનો અને સ્વતંત્રતાનો અધિકારનો આ કુપ્રથાઓ દેખીતી રીતનો ભંગ હતી. ભારતીય બંધારણ દરેક વ્યકિતને આર્ટિકલ ૨૫ મા ધાર્મિક સ્વાતંત્ર્ય આપે છે, પરંતુ આ મૂળભૂત અધિકાર તે સ્વાસ્થ્ય, જાહેર હિત અને નૈતિકતાના ત્રણ અપવાદ સાથે અપાયેલ છે. અરજી કોર્ટમાં આ પરિમાણોને ધ્યાને રાખીને કરવામાં આવેલ.

ગુજરાતની વડી અદાલતમાં કરેલ જાહેર હિતની અરજીમાં બીજા રાજ્યોના કાયદાની નકલો પણ મૂકવામાં આવેલી. જેથી ગુજરાતની પ્રજાને કાયદાનું અસ્તિત્વ ના હોવાથી થઈ રહેલા નુકસાનને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યું.

આ રીતે Drugs and Magic Remedies (prohibition of advertisement) Act ની જોગવાઈઓમાં પણ આને લગતા કોઈ અધિકાર કે જોગવાઈ ના હોવાનું કોર્ટને જણાવવામાં આવ્યું. હાઈકોર્ટે કોઈ કાયદો બનાવવા માટે સરકારને હુકમ કરી શકવા બંધારણીય રીતે અસક્ષમ છે, પરંતુ બંધારણીય અધિકારોના ભંગને રોકવા જરૂરી હુકમ કરવા પૂર્ણ રીતે સક્ષમ છે તેવું જણાવાયું. આ બધી રજૂઆતને ધ્યાને લઈને નામદાર હાઈકોર્ટે જાહેર હિત અરજીના અનુસંધાને સરકારને જવાબ દાખલ કરવા હુકમ કરેલ.

સરકારમાં રહેલા સામાજિક ચેતના ધરાવતા અધિકારીઓ અને સરકાર પણ

આ હકીકતોને નકારી નહી શકવાની વાસ્તવિકતાના કારણે, વિધાનસભાના ત્રિદિવસીય સત્રમાં બિલની રજૂઆત કરવામાં આવેલ. એ બિલ સર્વાનુમતે પસાર થયું અને The Gujarat Prevention and Eradication of Human Sacrifice and other Inhuman, Evil and Aghori practices and black Magic Act, 2024 (Gujarat Act No. 12of 2024) - ગુજરાત માનવ બલિદાન અને બીજી અમાનુષી, અનિષ્ટ અને અઘોરી પ્રથા અને કાળા જાદુ અટકાવવા અને તેનુ નિર્મૂલન કરવા બાબત વિધેયક, ૨૦૨૪ તા. ૨–૦૯–૨૦૨૪ ના રોજ કાયદાનું સ્વરૂપ પામ્યો.

નામદાર ગુજરાત હાઈકોર્ટે અરજદાર અને તેના વકીલનો પણ આવો જાહેર હિતનો મુદ્દો રજૂ કરવા બદલ આભાર વ્યકત કર્યો અને સરકારને આ કાયદાથી લોકોને માહિતગાર કરાવવા સરકારના સોશિયલ મીડિયા હેન્ડલ, સમાચારો અને દૂરદર્શનમાં પ્રસારિત કરી અવગત કરાવવા હુકમ કર્યો.

**આ કાયદાના નીચે જણાવેલ મહત્વના મુદ્દા છે.**

(૧) માનવ બલિદાન અને બીજી અમાનુષી, અનિષ્ટ અને અઘોરી પ્રથા અને કાળા જાદુ એ કાયદાની અનુસૂચિમાં દર્શાવેલ પ્રથાઓ છે.

(૨) માનવ બલિદાન અને બીજી અમાનુષી, અનિષ્ટ અને અઘોરી પ્રથા અને કાળા જાદુ એ કાયદાની અનુસૂચિમાં દર્શાવેલ પ્રથાઓ સંલગ્ન કૃત્ય કે કૃત્યને ઉત્તેજન આપવું, સહકાર આપવો, પ્રસાર–પ્રચાર કે વ્યવસાય ગુનો ઘોષિત કરાયેલો છે અને સજા છ મહિનાથી લઈને સાત વર્ષ તથા પાંચ થી પચાસ હજાર રૂપીયા સુધીનો દંડ છે.

(૩) આ ગુના પોલિસ અધિકારમાં અને બિન જામીનપાત્ર રહેશે એટલે આ ગુના હેઠળ પોલિસ પોતાની રીતે જાતે ફરિયાદી બનીને ગુનો દાખલ કરી શકે છે.

(૪) આવા કૃત્યોને અટકાવવા માટે તકેદારી અધિકારીની જોગવાઈ મુજબ ગુનો થતાં પહેલા પણ આવાં કૃત્યો રોકી શકે અને ફરિયાદ કરી શકે. આથી કોઈપણ વ્યકિતને જ્યારે આવાં ગુનો થવાની માહિતી મળે ત્યારે નજીકના પોલિસ સ્ટેશનમાં માહિતી આપી શકે છે.

(૫) ગુનેગારનો ગુનો સાબિત થયા બાદ તેને લગતા સ્થાનિક વર્તમાનપત્રોમાં ગુનાની હકીકતો પ્રસિદ્ધ કરવી. જેથી તે ગુનેગારની સામાજિક પ્રતિષ્ઠાને નુકસાન

થાય, અને બીજા ભોગ બનનાર પણ ફરિયાદ કરી શકે અથવા ભોગ બનવાથી બચી શકે અને જનજાગૃતિ થાય.

કોઈ પણ કાયદો (just ઓર Draconian) Collective Social Morality (સમાજની સામૂહિક નૈતિકતા) ને બદલવાની શકિત રાખે છે. અબ્રાહ્મિક ધર્મોમાં સમલૈંગિકતા (sodomy) બહુ મોટો અપરાધ ગણાય છે. ૧૮૬૦ પહેલાના ભારતમાં સમલૈંગિકતા સામાજિક કે ધાર્મિક રીતે બહિષ્કૃત નહોતી, પરંતુ ઘણીવાર તે પરાલૌકિક અને દૈવિય શકિત સાથે સંકળાયેલી હોવાની માન્યતાને લીધે અને સમલૈંગિક સંબંધો રાખવાવાળી વ્યકિતઓ વિરુદ્ધના કાયદાના અભાવને લીધે સેફ–હેવન હતું. પરંતુ અબ્રાહ્મિક ધર્મની સાંપ્રત સામાજિક બહિષ્કૃતીના લીધે અને અંગ્રેજોના શાસનના લીધે સમલૈગિકતાને અંગ્રેજોએ Indian Penal Code, 1860 માં તેને ગુનો બનાવી અને આજીવન કેદ સુધીની સજા સુધીની જોગવાઈ કરેલ. જે દેશ અરીઅપ્પા, જે હરિ અને હર (શિવ)ના પુત્ર હોવાની પુરાણોમાં વાત કરતું હતું. તે સમલૈંગિક સંબંધોને કાયદાના લાંબા અમલથી બદલાતી સામાજિક નૈતિકતાના કારણે અનૈતિક માનતુ થયેલ. હવે કાયદામાં ફેરફાર થયો છે તો પણ આ માન્યતા ભારતીયોમાં જોવા મળે છે. તે જ રીતે સતી પ્રથાની વિરુદ્ધમાં કાયદો આવતા એ સાંપ્રત ધાર્મિક સામાજિક રૂઢિને આ જ સમાજે અમાનવીય, અનિષ્ટ અને અનૈતિક માની. તે જ રીતે આ કાયદા અને તેના કડક અમલથી ભવિષ્યમાં આ રૂઢિઓ ચોક્કસ રૂપે અનૈતિક ઠરશે. સમાજ સાચે જ વૈજ્ઞાનિક ઢબે જીવન જીવશે.

સીધી ભાષામાં કાયદો એટલે તેના શાસકની ઈચ્છા ! તાનાશાહીમાં તાનાશાહની ઈચ્છા અને રાજાશાહીમાં રાજાની ઈચ્છા કાયદા બને છે. તે જ રીતે ભારતનું બંધારણ ભારતના નાગરિકોએ ભારતના નાગરિકોને આપેલ છે. આથી આ કાયદાના સાચા અમલીકરણ માટે અને આવો કાયદો હવે રાષ્ટ્રીય સ્તરે અમલી થાય તે જોવાની જવાબદારી આપણા સૌની છે.

---

**'સત્યાન્વેષણ'નું વાર્ષિક લવાજમ (સત્યશોધક સભાના સભ્યપદ સાથે) રૂા. ૨૦૦ અને આજીવન રૂા. ૨,૦૦૦/– છે. મ. ઓ. કરો. જેઓ બેન્કમાં સીધા જમા કરાવવા માંગતા હોય તેઓ બેન્ક ઓફ બરોડા, પાર્લે પોઈન્ટ, સુરતના બચત ખાતા નં. 02580100015605, IFSC = BARB0PARLEP માં જમા કરાવી શકે છે. તેઓ જમા કર્યાનું કાઉન્ટર અત્રે મોકલાવે, અથવા મો. નં.–૯૯૭૮૮ ૯૬૩૬૪ પર ફોટો મોકલે.**

## સદા યુવાન કૃત્રિમ વ્યક્તિ

હોકિંગ જણાવે છે કે હવે લોકો સાથે સંવાદ કરવા માટે શ્રોતાઓ–પ્રેક્ષકો સમક્ષ હાજરાહજુર થવાની જરૂર નથી. ગેરહાજર રહીને સંવાદ કરવાની પ્રવૃત્તિ રોજબરોજ વધતી જાય છે. મને આ ગેરહાજર રહીને સંવાદ કરવાની વધતી જતી પ્રવૃત્તિ ગમે છે. હું સમજું છું કે શહેરીજનો ખૂબ વ્યસ્ત છે, પરંતુ એ વ્યસ્તતાને કારણે ગેરહાજર રહીને સંવાદ કરવાની પ્રવૃત્તિ વધે છે એવું હું માનતો નથી. આવી વ્યસ્તતા વચ્ચે આપણે ઊંડે ઊંડે એવું ઈચ્છીએ છીએ કે એનું કામ કોઈક ઓછું કરી આપે. આ ઈચ્છાને કારણે જ આપણી વચ્ચે ડિજિટલ ટેકનોલોજી અભૂતપૂર્વ પ્રગતિ સાધી રહી છે. કારણ કે ડિજિટલ ટેકનોલોજી આપણા ઘણા કામ કરી આપે છે. એનાં પરિણામ આવ્યાં છે. લોકોને મોકળાશ–નવરાશનો સમય વધવા માંડયો છે. આવા વધતા નવરાશના સમય પછી પણ આપણે વધારે ને વધારે વ્યસ્ત થવા માંડયા છીએ. એનું કારણ એ છે કે શહેરોમાં યંત્રો વધારે છે, ડિજિટલનો ઉપયોગ પણ ત્યાં જ વધારે છે. એનુ પરિણામ એ આવ્યું છે કે તેના થકી શહેરીજનોની કાર્યશકિત વધતી જાય છે. આ વધતી કાર્યશકિત શહેરીજનોને વધારે વ્યસ્ત રાખે છે. શ્રમ–વિસ્તારોમાં યંત્રો ઓછા છે. ત્યાં લોકો વધારે નિષ્ક્રિય છે. આ સૂચવે છે કે વધતું યાંત્રીકીકરણ અને ડિજીટલાઈઝેશન વધારે મળતી મોકળાશમાં શહેરીજનો પોતાની પસંદગીની પ્રવૃત્તિમાં વધારે વ્યસ્ત રાખે છે. આપણી વચ્ચે ડિજીટલાઈઝેશન એક કૃત્રિમ વ્યકિતને પેદા કરશે. આ વ્યકિત હંમેશા યુવાન રહેશે. આ વ્યકિત લગભગ અશકય કામ કરી આપશે. હોકિંગે આ જણાવ્યા બાદ હમણા કૃત્રિમ બુદ્ધિમતા હેઠળ કૃત્રિમ વ્યકિતઓ જે કામ કરી રહી છે તે હોકિંગની આગાહીને સાચી ઠેરવી રહી છે!

## નવા ભગવાન

લોકોએ જ્યારે કોમ્પ્યુટરને – એ કૃત્રિમ બુદ્ધિમતાવાળી વ્યકિતને પૂછવામાં આવ્યું. 'શું ભગવાન છે ?' એ કૃત્રિમ વ્યકિતએ તરત જ પોતાની કાર્યપદ્ધતિ (system) ને શરૂ કરી અને એ વ્યકિત બોલી, 'બોલો, લો...ભગવાન હવે તમારી સામે હાજર છે !' આ સંવાદનો અર્થ એ છે કે ભગવાનની કાર્યશકિત માટે જે કલ્પના કરવામાં આવી છે તે બધી જ કલ્પનાને એ કૃત્રિમ વ્યકિત સાકાર કરી રહી છે.

RNI, Delhi, Regd. No. GUJ GUJ/2009/30348 Posted under Registration License No. SRT-716/2022-2024 (with prepayment of postage)

## વિજ્ઞાન વહેલું જાણીએ

આપણા બધા અને આપની પેઢીનું એ કર્તવ્ય થઈ પડે છે કે માત્ર વ્યવસાયિક તક તરીકે નહીં, પરંતુ દ્રઢ નિશ્ચય તરીકે વિજ્ઞાનનો અભ્યાસ માણસના જીવનમાં વહેલામાં વહેલો શરૂ થાય. આવું કરીશું તો (૧) આપણી આંતરશકિતઓનો મહત્તમ ઉપયોગ કરી શકીશું અને (૨) આપણી જ માનવજાત માટે આપણે બહેતર દુનિયા બનાવીશું.

* * *

## યુવાનો, સમજો

યુવાનોએ ઝડપથી સમજવાનું રાખવું જોઈએ કે એમની પેઢીઓએ પૂર્વની પેઢીઓ કરતાં એમણે વિજ્ઞાન–ટેકનોલોજીને અને વૈજ્ઞાનિક–અભિગમને વધારે સમજવા અપનાવવાની જરૂર છે. એમના રોજિંદા જીવનમાં વિજ્ઞાન અને ટેકનોલોજી વધારે ને વધારે આવવા માંડયા છે તેથી પણ એમણે વિજ્ઞાન, ટેકનોલોજી અને વૈજ્ઞાનિક અભિગમને વધારે સમજવા–અપનાવવાની જરૂર ઊભી થઈ છે.

* * *

## 'રમણભ્રમણ સુવર્ણચંદ્રક' અર્પણ કાર્યક્રમ

આપણા અતુલભાઈ પાઠકજીને છવ્વીસમો 'રમણભ્રમણ સુવર્ણચંદ્રક' અર્પણ કરવાનો કાર્યક્રમ તા. ૧૯–૧–૨૫ને રવિવારે સવારે ૧૦.૦૦ કલાકે અઠવા લાઈન્સ, સુરત મુકામે એમ. ટી. બી. આટ્‌ર્સ કોલેજના કુંજવિહારી મહેતા હોલમાં યોજાશે. સૌને પધારવાનું આમંત્રણ....

માલિક સત્યશોધક સભા વતી મુદ્રક અને પ્રકાશક સૂર્યકાન્ત સોભાગચંદ શાહે અગ્રવાલ ટ્રસ્ટ, રંગીલદાસ મહેતાની શેરી, ગોપીપુરા, સુરત–(ગુજરાત), ખાતે 'સત્યાન્વેષણ' છાપ્યું અને પ્રસિદ્ધ કર્યું. મુખ્ય સંપાદક : સૂર્યકાન્ત શાહ

બુક પોસ્ટ

To, ______________________

______________________

From :

સત્યશોધક સભા
C/o. શ્રી શંભુદયાળ ફત્તેચંદ અગ્રવાલ ટ્રસ્ટ
૮/૧૩૦૮, રંગીલદાસ મહેતાની શેરી, ગોપીપુરા, સુરત–૩૯૧૦૦૧.
મો. : ૯૮૭૯૩ ૬૫૧૭૩